# તૌકતેથી સૌરાષ્ટ્રના દરિયામાં જોરદાર કરંટ જોવા મળશે

## દરિયામાં તૌકતે વાવાઝોડાનું જોર વધ્યું : વિવિધ તૈયારીઓ કરવામાં આવી રહી છે, જેમાં મેડિકલ સહિતની સુવિધાઓ ઉપર ખાસ નજર રખાઈ રહી છે

નવીદિલ્હી, તા. ૧૬

ચક્રવાતી વાવાઝોડું તૌકતે વધારે મજબૂત થઈ રહ્યું છે, વાવાઝોડું મહુવા અને પોરબંદર વચ્ચે ૧૮મીની સવારે ટકરાય તેવી સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. આ બધાની વચ્ચે ગુજરાતમાં રુપાણી સરકારે સ્થિતિને પહોંચી વળવા માટે સજ્જ હોવાની વાત કરી છે. આ વાવાઝોડું શનિવારે રાત્રે તોફાની વાવાઝોડામાં પરિવર્તિત થાય તેવી સંભાવના છે. ભારતીય હવામાન વિભાગ (ૈસ્ઙ)એ જણાવ્યું છે કે, વાવાઝોડું ઉત્તર-પશ્ચિમ તરફ વધવાની સાથે ૧૮મીએ પોરબંદર અને નલિયા વચ્ચે ટકરાય તેવી સંભાવના છે. આ સાથે સૌરાષ્ટ્રના દરિયા કિનારા પર ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે. ગુજરાતની સાથે મુંબઈ પણ પ્રભાવિત થઈ શકે છે. બીજી તરફ વાવાઝોડાની સંભાવનાને જોતા રાજ્યો, કેન્દ્રીય મંત્રાલયો અને એજન્સીઓની તૈયારીઓની વિગતો લેવા માટે મહત્વપૂર્ણ બેઠક કરી હતી. ગુજરાતમાં વાવાઝોડું પહોંચવાની સાથે દરિયામાં ભારે કરંટ જોવા મળશે તેવી સંભાવના વ્યકત કરવામાં આવી છે. જેમાં ભારે પવન અને વરસાદ થવાની પણ આગાહી છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, ૧૭મી મેએ મુંબઈ સહિત ઉત્તર કોંકણમાં કેટલાક સ્થળો પર ભારે પવન ફૂંકાશે અને ભારે વરસાદ થશે. મુંબઈ હવામાન વિભાગના ડિરેક્ટર શુભાની ભૂટે જણાવ્યું કે મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં રવિવારે બપોરે વરસાદની સંભાવના છે. તેમણે કહ્યું કે તોફાન હાલ ગોવાથી ૨૫૦ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમમાં વરસાદની સંભાવના છે. આ સાથે તેમણે જણાવ્યું કે, મહારાષ્ટ્રના સિંધુદુર્ગ અને રત્નાગિરી જિલ્લા સાથે ગોવામાં ભારે વરસાદ અને ઝડપી પવન ફૂંકાશે. તેમણે કહ્યું કે હવાની ગતિ લગભગ ૬૦-૭૦ કિલોમીટર પ્રતિ કલાક હશે. આ બાબતને ધ્યાનમાં રાખીને 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે, જેનો મતલબ એ છે કે કોંકણ અને પશ્ચિમ મહારાષ્ટ્રના પહાડી વિસ્તારો મુખ્યરુપે કોલ્હાપુર અને સતારામાં રવિવારે અને સોમવારે ભારે વરસાદ થવાની સંભાવના છે.

## જન્મદિને વધામણી



સમદ સાહીદભાઈ મિરઝા
બાયડ



જીગર એસ. પટેલ
(પ્રમુખ : ગણેશ યુવક મંડળ)
બાયડગામ, જિ.અરવલ્લી



દિનેશભાઈ જી. ગોસ્વામી
આકરૂન્દ(ગાંધીનગર)



મોઈનખાન એ. બલોચ
(મા.શિ. : સારસ્વત હાઈસ્કુલ, બાયડ)
બાયડ, જિ.અરવલ્લી



ગીરીશભાઈ એન. પટેલ
(નાયબ મામલતદાર, ધનસુરા)
આકરૂન્દ, તા.ધનસુરા



ડાૅ.રાજેન્દ્રભાઈ એન. શાહ
ડેમાઈ(બાયડ)



જીતેન્દ્રકુમાર ડી. પટેલ
(યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કંપની)
બાયડ, જિ.અરવલ્લી



જતિનભાઈ ડી. પટેલ
ડેમાઈ, તા.બાયડ



દામીનીબેન ધવલભાઈ પટેલ
ધનસુરા, જિ.અરવલ્લી



સહજાનંદભાઈ બી. પટેલ
(કોન્ટ્રાક્ટર)
બાયડ, જિ.અરવલ્લી



સુજલભાઈ જગદીશભાઈ પટેલ
(ઉ.શિ. : વાંટા પ્રા.શાળા)
બાયડ, જિ.અરવલ્લી



કિશન ચૌધરી
બાયડ, જિ.અરવલ્લી



મનિષાબેન જગદીશભાઈ પ્રજાપતિ
સાઠંબા, તા.બાયડ

**ઘરમા રહો, સુરક્ષિત રહો**

## મોડાસાના દધાલિયા ગ્રામ પંચાયત દ્વારા ફરી ૧૬ દિવસનું લોકડાઉન

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લામાં દિનપ્રતિદિન કોરોના કેસોમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે.ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના દધાલીયા ગ્રામ પંચાયત દ્વારા અગાઉ ૧૦ દિવસનું સ્વયંભૂ લોક ડાઉનલોડ લગાવ્યું હતું,લોકડાઉન થી ગામમાં કોરોના કેસમાં આંશિક ઘટાડો પણ નોંધાયો હતો પરંતુ થોડા દિવસો બાદ દધાલીયા, જંબુસર, ઉમેતપુર, તખતપુર સહિત આસપાસ ના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણના કેસોમાં આંશિક વધારો નોંધાતા દધાલિયા ગ્રામ પંચાયતના સરપંચ ભાનુભાઈ પંડ્યા,ડે.સરપંચ હિતેશ પટેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર સહિત કર્મચારીઓ વચ્ચે શનિવારે કોરોના અંતર્ગત બેઠક યોજાઇ હતી જેમાં કોરોના કેસો ઘટાડવા માટે ની ચર્ચાઓ બાદ લોકો કામ સિવાય ઘરની બહાર ન નીકળે તેમજ લોકોની ભીડ એકઠી ન થયા તે માટે ગ્રામ પંચાયત દ્વારા ગામમાં ૧૬/૫/૨૧ થી ૩૧/૫/૨૧ સુધી ૧૬ દિવસના લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી.

## અવસાન નોંધ..



બાયડ : ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના સહકારી આગેવાન, આકરૂન્દ કેળવણી મંડળના પૂર્વ મંત્રી મનુભાઈ બારોટ, કનુભાઈ બારોટ અને જેસીંગભાઈ બારોટના માતા બબુબેન જેસીંગભાઈ બારોટનુ નિધન થયેલ છે. કોરોનાની મહામારીના કારણે બેસણું તથા લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.



બાયડ : ધનસુરા તાલુકાના વડાગામ(મૂળ રહે.હરીપુરા કંપા)ના તુલસીભાઈ શામજીભાઈ પટેલ(ક્વોરી ઉદ્યોગપતિ, પૂર્વ પ્રમુખ આકરૂન્દ કેળવણી મંડળ)ના પત્નિ મંજુલાબેન પટેલનું નિધન થયેલ છે. કોરોનાની વર્તમાન સ્થિતિના કારણે લૌકિક ક્રિયા તથા સાદડી પ્રથા સદંતર બંધ રાખેલ છે.



બાયડ : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના પૂર્વ પરીક્ષા નિયામક વસંતભાઈ વાળંદના માતા શાંતાબેન જીણાભાઈ વાળંદનું નિધન થયેલ છે.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર





# 'તાઉતે' વાવાઝોડાની સ્થિતિને પહોંચી વળવા રાજ્ય સરકાર સંપૂર્ણ સજ્જ

## આપણે પણ આટલી તકેદારી રાખીએ

### વાવાઝોડા પહેલાં

- અફવા ફેલાવશો નહિ, શાંત રહો, ગભરાશો નહિ.
- સમાચારો અને ચેતવણીઓ સતત સાંભળતા રહો.
- જો જોખમી વિસ્તારમાં રહેતા હો તો વાવાઝોડાની પ્રથમ આગાહી સમયે જ સ્થળાંતર કરવું સલાહભર્યું છે.
- માછીમારોએ દરિયામાં જવું નહિ, બોટ સલામત સ્થળે લાંગરવી.
- લણણી માટે તૈયાર પાકને સમયસર લણી લઈ સલામત સ્થળે ખસેડો. જેથી વાવાઝોડાથી થતું નુકશાન અટકાવી શકાય.
- રેડિયો, ટોર્ચ, ફાનસ, વધારાની બેટરી સાથે રાખો.

### વાવાઝોડા દરમ્યાન

- રેડિયો, ટી.વી. પર સમાચાર સાંભળતા રહો અને સૂચનાઓનો અમલ કરો.
- વાવાઝોડાના સમયે બહાર નીકળવાનું સાહસ કરવું નહિ.
- વીજ પ્રવાહ અને ગેસ કનેક્શન બંધ કરી દેવા.
- ખુલ્લી જગ્યામાં સપડાયેલ હોવ તો સલામત આશરો શોધો.

**સાવચેતી એ જ સલામતી**




### વાવાઝોડા બાદ

- નુકશાનગ્રસ્ત મકાનોની અંદર જવાનો પ્રયાસ ન કરો.
- તૂટેલા વીજળીના તાર, પુલ તથા મકાનોથી દૂર રહો.
- જો સ્થળાંતર કરેલ હોય તો સૂચના મળે ત્યારે જ અને સૂચના મુજબના રૂટ પરથી જ પાછા ફરવાનું રાખો.
- બચાવ કામગીરી માટે ફાયર બ્રિગેડ, પોલીસ, મ્યુનિસિપાલીટી, કંટ્રોલ રૂમ અને તાલુકા મામલતદાર કચેરીના કંટ્રોલ રૂમનો સંપર્ક કરી શકાય છે.

## વાવાઝોડા સામે રાજ્ય સરકારની યુદ્ધના ધોરણે તૈયારી

- 'ઝીરો કેઝ્યૂઅલ્ટી'ના અભિગમ સાથે કોઈપણ મૃત્યુ ન થાય તે માટે જિલ્લાતંત્રની તૈયારી
- રાજ્ય અને જિલ્લા કક્ષાએ ૨૪ X ૭ કંટ્રોલ રૂમ કાર્યરત
- ગુજરાતના બધા માછીમારો દરિયામાંથી સલામત પરત ફર્યા
- અસરગ્રસ્ત ગામોમાંથી લોકોના સ્થળાંતરની કાર્યવાહી કોવિડ ગાઈડ લાઈનના ચુસ્ત પાલન સાથે પુરજોશમાં શરૂ
- એન.ડી.આર.એફ.ની ૪૪ અને એસ.ડી.આર.એફ.ની ૧૦ ટીમ મળી કુલ ૫૪ ટીમ આ કાર્યવાહીમાં સામેલ
- રાજ્યના મંત્રીશ્રીઓને વિવિધ જિલ્લાઓની જવાબદારી સોંપી જિલ્લા વહીવટી તંત્રને માર્ગદર્શન આપવાનું આયોજન
- કોવિડના દર્દીઓ માટે તાકીદના સંજોગોમાં ૮૫થી વધુ આઈ.સી.યુ. એમ્બ્યુલન્સ હાજર
- રાજ્યની કોવિડ સહિતની હોસ્પિટલોમાં વીજ પુરવઠો ખોરવાય નહીં તે સુનિશ્ચિત કરવા જનરેટર સેટની વ્યવસ્થા
- કોવિડ હોસ્પિટલોમાં ઓક્સિજનનો પુરવઠો અવિરત મળે તે માટે ક્રિટિકલ વૈકલ્પિક રૂટ તૈયાર: તાકીદની સ્થિતિમાં ઓક્સિજનના બફર સ્ટોકની વ્યવસ્થા
- જિલ્લામાં કોમ્યુનિકેશન સિસ્ટમ તત્કાલ પૂર્વવત કરવા રેપીડ એક્શન ટીમોની રચના
- રસ્તાઓ તથા વીજ પુરવઠો નિયમિત ચાલુ રાખવા બાબતે વિશેષ આયોજન
- સામાજિક અને સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ, NGO, ધાર્મિક સંસ્થાઓ અને ગ્રામજનો પણ સરકારના પ્રયાસમાં સામેલ

માહિતી ૨૦૨૧-૨૨ (૧૯)

આપત્તિ સમયે સંપર્ક (લેન્ડલાઈન ફોન માટે)*

મોબાઈલથી સંપર્ક કરવા માટે નંબરની આગળ ડિસ્ટ્રીક્ટ કોડ જોડવો

રાજ્ય કંટ્રોલ રૂમ ૧૦૭૦

જિલ્લા કંટ્રોલ રૂમ ૧૦૭૭